# શ્રીમદ્ભગવદ્ગીતામાંથી નિષ્પન્ન થતાં મૂલ્યોનો અભ્યાસ

પ્રીતિબેન એસ. ગામિત

## ૧. પ્રસ્તાવના

ગીતા એટલે ભગવાન કૃષ્ણના મુખમાંથી નિકળેલું માધુર્ય. પૃથા પુત્ર એવા પાર્થ પરના અપ્રતિમ પ્રેમનું કાવ્યાત્મક સ્વરૂપ એટલે શ્રીમદ ભગવદ્ ગીતા.કૃષ્ણની જ્ઞાન મુરલી એવી ગીતાએ કુરૂક્ષેત્રની ભૂમિ પર અર્જુનને યુધ્ધ માટે પ્રેર્યો.ગીતા એટલે માએ પોતાના બાળક માટે વહાવેલું અમૃતપાન. ઋષિ, સંત, કર્મયોગી, ભકત, જ્ઞાની કે સમાજસેવક પછી તે કોઈપણ દેશ કે કાળનો હોય, કોઇપણ ધર્મ કે જાતિનો હોય તે સર્વેને તેણે મંત્ર મુગ્ધ કર્યા છે. ભગવાનના મુખમાંથી નિકળેલા આ માધુર્ય માનવને જીવન જીવવાની હિંમત આપે છે. ગીતા માનવમાત્રને માર્ગદર્શન આપતાં કહે કે જીવન પડકાર છે તેને હિંમત ભેર ઝીલવાનો પ્રયત્ન કર. જીવન એક રહસ્ય છે તેને ઉકેલવા પ્રયત્ન કર. જીવન એક સંઘર્ષ છે તેનો સામનો કર. જીવનમાં આવેલી પ્રત્યેક મુશ્કેલીનું સમાધાન છે જ તું બસ ભગવાનને સારથી બનાવી જીવનરથને આગળ ધપાવ. ભગવદ્ ગીતાનું જેણે રસપાન કર્યું છે તેને જીવન એક રમત લાગે નહિતર જીવન સજા લાગે.જીવન એક યાત્રા છે તેને પૂર્ણ કર. જીવન માં રહેલી સુંદરતાને માણવાની તાકાત પણ મા ગીતા પાસેથીજ મળે છે. આમ કોઈપણ ઈલેક્ટોનિક વસ્તુને કેમ ચલાવવી તેની બુકલેટ બજારમાં મળે તો મારે જીવન કેમ જીવવું તેનું મેન્યુઅલ ગીતાકારે અગાઉથીજ કહી દીધું છે.પરંતુ જેમ નાનું બાળક ચોકલેટ હાથમાં આવતા બાને ભૂલી જાય તેમ આજનો માણસ પણ ભગવાને આપેલી ગીફટમાં એવોતે રમમાણ થયો છે કે ભગવાનને ભૂલી ગયો છે.

ઘણાબધા મહાપુરૂષોએ ગીતામાંથી માર્ગદર્શન મેળવ્યું છે. સ્વામી વિવેકાનંદ કહે છે કે શ્રીમદ્ ભગવદ ગીતાએ ઉપનિષદ રૂપી બગીચાઓમાંથી વીણી કાઢેલા પુષ્પોથી આધ્યાત્મિક સત્યો રૂપી ગુંથેલી સુંદર કલગી છે. મહાત્મા થોરો કહે છે કે ગીતાની સાથે આખા જગતનું જ્ઞાન મને તુચ્છ જણાય છે. હું રોજ સવારે મારા હૃદયને અને બુધ્ધિને ગીતા રૂપી પવિત્ર જળમાં સ્નાન કરાવું છું. ગાંધીજી કહે છે કે મને કોઈ ધર્મ સંકટ આવે ત્યારે હું ગીતા માતાનું શરણ લઉં છું. માટેજ કહેવાય છે કે **'GEETA IS NOT ONLY THE BIBLE OF HINDUISM BUT IT IS THE BIBLE OF HUMANITY "**

નિરાશાના અંધકારમાં અટવાતા માનવના જીવનમાં મા ગીતા આશાનો પ્રકાશ પાથરે છે. હતોત્સાહી મનુષ્યને ગીતા નવો ઉત્સાહ આપે છે.પાપીમાં પાપી મનુષ્યને કહે છે. ***मामेकं शरणं व्रज ।*** તું મારા શરણે આવી જા. વિભિન્ન વર્ણના લોકોને ઉપદેશ આપતાં ગીતા કહે છે કે બ્રાહ્મણને કહે છે કે તારે શમ,દમ,તપ,શૌચ ઈત્યાદી ગુણો કેળવવાના છે. ક્ષત્રિયને સમજાવે છે કે તું સંસ્કૃતિનો રક્ષક છે તારે શૌર્ય ,તેજ ,ધૈર્ય ,દક્ષતા વગેરે ગુણો કેળવવાનાં છે. વૈશ્યને કહે છે કે તું સંસ્કૃતિનો પોષક છે તેથી તાર કૃષિ,ગૌરક્ષા અને વાણિજયમાં સમરસ બનવાનું છે. શુદ્રને કહેછે કે તું સંસ્કૃતિનો સેવક છે સમાજની ભૌતિક જરૂરીયાતો તારે પુરી પાડવાની છે તો તું

શોષણખોર ના બનીશ. સંન્યાસીને ગીતા સમજાવે છે કે સંન્યાસ એ આંતરીક પરીવર્તનનું પ્રતિક છે. સ્ત્રીને સમજાવતાં ગીતા કહે છે કે લજ્જા એ સ્ત્રીનું સાચું ઘરેણું છે. વિદ્યાર્થીને ગીતા કહે છે કે તારે વિદ્યા મેળવવી હશેતો નમ્રતા ,જીજ્ઞાસા અને સેવા આ ત્રણ વાત જીવનમાં હોવી જોઈએ. ગુરૂને સમજાવતાં ગીતા કહે છે કે તું વિચારનો વિદ્વાન અને આચારનો સજ્જન જોઈએ. નેતાને સમજાવતા કહેછે કે સમાજને યોગ્ય માર્ગે દોરે તેને નેતા કહેવાય. જ્ઞાનીઓને ગીતા કહે છે કે તમે માત્ર વાદ વિવાદ ન કરતાં સંવાદ કરો.કર્મયોગીને માં ગીતા કહે છે કે કર્મમાંજ તારો અધિકાર છે ફળમાં નહિં તો વળી ભકતને ગીતા કહે છે કે **नमे भकतः प्रणश्यति।** આમ, મા ગીતા એ પૃથા પુત્ર એવા પાર્થ એટલે કે પ્રત્યેક મનુષ્યને માર્ગદર્શન આપતાં એના જીવનને મૂલ્યવાન બનાવે છે.

## ૨. શીર્ષક

પ્રસ્તુત અભ્યાસનું શીર્ષક આ મુજબ છે.***શ્રીમદ્ભગવદ્ગીતામાંથી નિષ્પન્ન થતાં મૂલ્યોના અભ્યાસ***

## 3. સમસ્યા કથન

શ્રીમદ ભગવદ્ ગીતામાં ૧૮ અધ્યાય અને ૭૦૦ શ્લોક છે. પ્રત્યેક શ્લોક એ જીવનમાં આવનાર સમસ્યાના સમાધાન માટેની ટેબલેટ છે. આજથી લગભગ સાડા પાંચ હજાર વર્ષ પહેલા યોગેશ્વર કૃષ્ણએ વહાવેલ અક્ષુણ્ણ અમૃતધારા એટલે શ્રીમદ ભગવદ ગીતા. આ અમૃતપાન કરવાના હેતુથી સંશોધકે અભ્યાસ હાથ ધરેલ છે જે આ મુજબ છે. શ્રીમદ્ભગવદ્ગીતામાંથી નિષ્પન્ન થતાં મૂલ્યોના અભ્યાસ.

## ૪. પદોની વ્યાવહારિક વ્યાખ્યા

પ્રસ્તુત સંશોધનમાં નીચેના પદોની વ્યાવહારિક વ્યાખ્યાઓ રહેશે.
પ્રસ્તુત સંશોધન અંતર્ગત કેટલાંક પદોનો અર્થ સંશોધકે નીચે પ્રમાણે કર્યો છે.

### *૪.૧ મૂલ્ય*

૧.મૂલ્ય એ માનવીને જીવન જીવવાનો રાહ ચીંધે છે. શિક્ષણનું ધ્યેય એક સારી વ્યક્તિ તૈયાર કરવાનું છે. - જહોન ડ્યુઈ
૨.“આદર્શ જીવન જીવનમાં અગ્રતા આપે તે મૂલ્ય” - ઓલપોર્ટ
૩.“જે આત્મસાક્ષાત્કારનાં વિકાસ તરફ દોરે તે સ્વતઃ મૂલ્ય છે”- તત્વજ્ઞાન
ફ્રેનકેલ જે. આર.ના મતાનુસાર, “મૂલ્ય એક વિચાર છે. સંકલ્પના છે એટલે કે જીવનમાં કઈ મહત્વપૂર્ણ હોવા વિશેનો વિચાર કે સંકલ્પના એટલે મૂલ્ય. જ્યારે મૂલ્ય કશાકનું મૂલ્ય કરે છે. ત્યારે તે કંઈક યોગ્ય કરવા કે મેળવવા પ્રયત્ન કરવા યોગ્ય હોવાનું સૂચવાય છે.”

### *૪.૨ ગીતા*

યોગેશ્વર કૃષ્ણએ અર્જુનને નિમિત્ત બનાવી માનવજાતને કરેલું માર્ગદર્શન એટલે શ્રીમદ ભગવદ્ ગીતા. જેમાં કુલ ૧૮ અધ્યાય અને ૭૦૦ શ્લોક રહેલા છે જેનું સંકલનમાત્ર વ્યાસજીએ કરેલ છે.

***ગીતાના શ્લોકોનું વિભાજન***

ધૃતરાષ્ટ્ર ઉવાચ-૧ શ્લોક

સંજય ઉવાચ-૪૧ શ્લોક
અર્જુન ઉવાચ-૮૪ શ્લોક
શ્રી ભગવાન ઉવાચ-૫૭૪ શ્લોક

## ૫. અભ્યાસનું મહત્વ

પ્રસ્તુત સંશોધનમાંથી મૂલ્યલક્ષી શિક્ષણ અભિગમ દ્વારા વિદ્યાર્થીઓ સામે રજૂ કરવામાં આવે તો આજનો વિદ્યાર્થી આવતી કાલનાં સારા નાગરિક તરીકેની યોગ્ય ફરજ બજાવશે અને મૂલ્યલક્ષી શિક્ષણનું કાર્ય એ વિકાસની લાંબી પ્રક્રિયા છે. જીવન એ વિકાસની પ્રક્રિયા છે તે નાશ પામવાની નથી.

-મૂલ્ય શિક્ષણથી વિદ્યાર્થી, શિક્ષક અને સમાજને ફાયદો થશે.

-મૂલ્ય સંબંધિત શિક્ષણકાર્ય કરવા ઈચ્છતા શિક્ષકો તથા વિદ્યાર્થીઓને મદદરૂપ થશે.

-મૂલ્ય શિક્ષણનું કાર્ય એ વિકાસની લાંબી પ્રક્રિયા છે. જીવન એ વિકાસની લાંબી પ્રક્રિયા છે, નાશ પામવાની નથી.

-ભાવિ સંશોધકને મૂલ્યનાં સંદર્ભમાં સંશોધનકાર્ય કરવામાં મદદરૂપ થશે.

-સમાજમાં તથા શિક્ષક અને વિદ્યાર્થીને શ્લોક વાંચન કરવા તરફ પ્રેરી શકશે.

## ૬.અભ્યાસના હેતુઓ :

પ્રયત્નની દિશા નક્કી કરવા અને સારું પરિણામ પ્રાપ્ત કરવા માટે સંશોધનકાર્યના હેતુઓ સ્પષ્ટ હોવા અતિ આવશ્યક છે. યોગ્ય અને સ્પષ્ટ હેતુઓની પસંદગી જ હોય તે યોગ્ય પરિણામ તરફ લઈ જાય છે. હેતુઓને નિર્ધારિત કરવાથી કાર્યને ગતિ મળે છે. આ દૃષ્ટિથી સંશોધનકાર્યનાં હેતુઓ નીચે મુજબ નિર્ધારિત કર્યા છે.

પ્રસ્તુત સંશોધનમાં અભ્યાસના હેતુઓ નીચે મુજબ છે.

૧.શ્રીમદ ભગવદ્ ગીતાનો અભ્યાસ કરવો.

૨.ગીતામાંથી નિષ્પન્ન થતાં મૂલ્યોનો અભ્યાસ કરવો.

૩.ભગવાન શ્રીકૃષ્ણ પ્રત્યે કૃતજ્ઞતા વ્યકત કરવી.

૪. ગીતામાંથી પોષણ મેળવી શૈક્ષણિક ફલિતાર્થ તારવવો.

## ૭. સંશોધનનું ક્ષેત્ર :

સંશોધન ક્ષેત્રની પસંદગી એ સંશોધન પ્રક્રિયા માટે ખૂબ જ મહત્ત્વ ધરાવે છે. કારણ કે ક્ષેત્ર પંસદ કર્યા બાદ જ સંશોધન પ્રક્રિયાને કાર્ય દિશા આપી શકાય છે. અભ્યાસના ક્ષેત્રો આ પ્રમાણે ગણાવી શકાય છે. શૈક્ષણિક તત્વજ્ઞાન, શૈક્ષણિક સમાજશાસ્ત્ર, શાલેય વિષય શિક્ષણ, માર્ગદર્શન અને સલાહ, માપન અને મૂલ્યાંકન વગેરે છે. હાથ ધરેલ પ્રસ્તુત સંશોધન શિક્ષણનું તત્વજ્ઞાનનાં ક્ષેત્રમાંથી પસંદ કરવામાં આવ્યું છે.

## ૮. સંશોધનનો પ્રકાર :

પ્રસ્તુત અભ્યાસમાં જે ગુણાત્મક, નિયમો કે સિદ્ધાંતોને વ્યવહારમાં મૂકવાનો ઉદ્દેશ રહેલો હોવાથી પ્રસ્તુત સંશોધન ગુણાત્મક પ્રકારનું છે.

## ૯. અભ્યાસનું વ્યાપવિશ્વ

પ્રસ્તુત સંશોધનના સંદર્ભમાં ગીતાના અઢાર અધ્યાય ના સાતસો શ્લોક એ વ્યાપવિશ્વ છે.

## ૧૦. નિદર્શ

પ્રત્યેક અઢાર અધ્યાયના સાતસો શ્લોક એ સાચા મોતી સમાન છે. પરંતુ તેમાંથી સંશોધકની સમજવાની ક્ષમતાની મર્યાદાને ધ્યાને લઈ વ્યાપવિશ્વમાંથી સારરૂપ શ્લોકોને નમૂના રૂપે પસંદ કરવામાં આવ્યો છે.

## ૧૧. સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત સંશોધનમાં નીચેની અભ્યાસ પદ્ધતિનો ઉપોયગ કરવામાં આવ્યો છે.

૧.ગ્રંથાલય અભ્યાસ પદ્ધતિ

૨.વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિ

પ્રસ્તુત સંશોધનમાં મુખ્ય ભાગ પુસ્તકાલય અભ્યાસ પદ્ધતિ પર અવલંબે છે. તેમ છતાં સંશોધનને વધુ વૈજ્ઞાનિક અને આધારભૂત બનાવવા માટે જે અન્ય પદ્ધતિઓનો ઉપયોગ થયો છે તેની વિગતો આ પ્રમાણે છે.

***૧.ગ્રંથાલય અભ્યાસ પદ્ધતિ***

પ્રસ્તુત પદ્ધતિ દ્વારા સંશોધનમાં વપરાયેલાં પ્રાથમિક અને ગૌણ સંદર્ભ સ્ત્રોત મેળવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

અહીં, સંશોધકે મૂલ્યો અને તેનાં પ્રકારો તથા તારવેલા મૂલ્યોની વ્યાખ્યા કરવા માટે જુદાં-જુદાં સંદર્ભોનો ઉપયોગ કરવા પ્રસ્તુત પદ્ધતિનો ઉપયોગ કરેલ છે.

***૨.વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિ***

પ્રસ્તુત સંશોધનમાં વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જેની વિગતો આ પ્રમાણે છે. નમૂનામાં પસંદ કરેલા ગીતાના શ્લોકોમાંથી નિષ્પન્ન થતા ભાવાર્થને આધારે મૂલ્યોની તારવણી કરવામાં આવી છે.

## ૧૨. સંશોધનની મર્યાદા

સંશોધનકાર્તાએ પ્રસ્તુત સંશોધનકાર્યને નીચે મુજબ મર્યાદિત કર્યું છે.

૧.પ્રસ્તુત સંશોધન ગીતામાંથી નિષ્પન્ન થતાં મૂલ્યો પૂરતો જ મર્યાદિત રહેશે.

૨.પ્રસ્તુત સંશોધનમાં મૂલ્યોની તારવણી વ્યક્તિગત મૂલ્ય, સામાજિક મૂલ્ય, સાંસ્કૃતિક મૂલ્ય, રાષ્ટ્રીય મૂલ્ય, આર્થિક મૂલ્ય, નૈતિક મૂલ્ય, આધ્યાત્મિક મૂલ્ય, શારીરિક મૂલ્ય અને શૈક્ષણિક મૂલ્ય પ્રકારના આધારે કરી છે.

## ૧૩.માહિતીનું પૃથક્કરણ પ્રવિધિ

ગીતા એ યોગેશ્વર કૃષ્ણ અને અર્જુન વચ્ચેનો સંવાદ છે. જેમ જમીનમાંના પાણીને બહાર કાઢવા કોઈ યોજના કરવી પડે તેમ ભગવાન અને ભકત વચ્ચેના સંવાદને સમજવા પણ ચોક્કસ બીજા મહાપુરૂષની જરૂર પડે જ. એટલે જ ઋષિતુલ્ય પરમ પૂજ્ય પાંડુરંગ શાસ્ત્રી આઠવલે એ ગીતા ઉપર જે પ્રવચનો આપ્યાં તેનું સંકલન 'ગીતામૃતમ્' પુસ્તકમાં થયેલું છે. તેના અભ્યાસ પરથી સંશોધકે મૂલ્યો તારવવાનો પ્રયત્ન કરેલ છે.

## ૧૪. તારણો

આત્મસાક્ષાત્કારનાં ઉચ્ચ લક્ષને પામવા માનવ ઇચ્છાઓને સંતોષની મૂલ્યવાન જૈવિક બાબત કે જે વ્યક્તિને આત્મસાક્ષાત્કારની પ્રક્રિયા પ્રત્યે દોરે છે. અહીં બાબત કઈ તે પ્રશ્ન વ્યક્તિલક્ષી બાબત છે. આર્થિક સામાજિક, ધાર્મિક, રાજકીય, જ્ઞાન વિષયક હોઈ શકે એનો અર્થ એ થયો કે કોઈ વ્યક્તિને મન, તેમની ઈચ્છાઓને સંતોષતું મૂલ્યવાન જૈવિક પરિબળ સામાજિક છે. અને તે આત્મ સાક્ષાત્કારની પ્રક્રિયા તરફ દોરે છે. તો 'સામાજિક મૂલ્ય' તેને મન મહત્વનું છે. મૂલ્યોનો સીધો સાદો અર્થ માનવને વસ્તુને આપેલ અર્થ એવો થાય. અહીં વસ્તુનું મહત્વ નથી તેથી આપનાર અર્થનું મહત્વ છે. વળી અર્થ આપનાર માનવ છે. એટલે માનવના સંદર્ભ વિના મૂલ્યનો વિચાર અશક્ય છે. કોઈપણ વસ્તુની કદરનો નિર્ણય મૂલ્યનો નિર્ણય છે. સારું, સુંદર કે ઈચ્છવા યોગ્ય તે મૂલ્ય સૂચન કરે છે. કોઈપણ વસ્તુમાં રહેલી ગુણવત્તા કે જેને આધારે તેની કિંમત અંકાય અને બીજાનું મૂલ્યાંકન કરવામાં ઉપયોગી બને.

## સંદર્ભ ગ્રંથ

૧. ગણેશ પરમાર, શિક્ષણનાં સિદ્ધાંતો. (પ્રથમ આવૃત્તિ) સુરત : ન્યુ પોપ્યુલર પ્રકાશન (૨૦૦૨) પૃ. ૫૩.
૨. એજન
૩. એજન
૪. એજન. પૃ. ૫૪
૫. હરિભાઈ એસ.પટેલ ' મૂલ્ય શિક્ષણ' (પ્રથમ આવૃત્તિ)
૬. એચ.આર. ઠક્કર, ' ધર્મતત્વ ચિંતન' (પ્રથમ આવૃત્તિ) અમદાવાદ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, પૃ. ૧૬૭.
૭. રાધાકૃષ્ણન, ઈસ્ટ એન્ડ વેસ્ટ ઈન રિલિજીયન (પ્રથમ આવૃત્તિ) પૃ. ૧૨૫
૮. એચ.એમ. ભટ્ટાચાર્ય, તત્વજ્ઞાનના સિદ્ધાંતો, કલકત્તા : કલકત્તા યુનિવર્સિટી પ્રકાશન (૧૯૫૭), પૃ. ૩૯-૯૩.